સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ચીન-પાકિસ્તાન રોજ શાંતિનો ભંગ કરે છે -
કાશ્મીરી પ્રજા, વાતાવરણને - તંગ કરે છે,
જંગ કરે છે છાનો પીઠ પાછળ એ કાયરો -
ઢોગ કરે શાંતિનો ને કાયંડી રંગ કરે છે...

હાઈકુ

ખોતરે છૂપું -
છે ઉધઈ રાફડો -
કરો સફાયો...

કાઢો મૂળથી
ફેલાય એ પહેલાં -
છે એ કેન્સર...

(હવે હિંમતભેર કડક પગલાંની ખાસ જરૂર)

ચિંતન

કમ્મસ્સ કોમ્હિ કમ્મદાયાદો કમ્મયોનિ,
કમ્મબન્ધુ કમ્મપટિસરણો યં કમ્મં કરિસ્સામિ ।
કલ્યાણં વા પાપકં વા તસ્સ દાયદો,
ભાવિસ્સામીતિ પબ્બ જિતેન અભિણ્હં પચ્ચવેકિખતબ્બ ॥

ઉપરોક્ત શ્લોક ધમ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મારે મારા કર્મનું ફળ ભોગવવાનું (કર્મસ્થક) છે. કર્મ જ મારો ઉત્તરાધિકારી છે. કર્મ જ યોનિ છે એટલે કે કર્માનુસાર જ મારો જે કોઈ યોનિમાં જન્મ થશે. કર્મ જ મારો ભાઈ છે. હું કર્મના જ શરણે છું. હું જે કોઈ સારું કે ખરાબ કર્મ કરીશ તેનો ઉત્તરાધિકારી (ફળ પામવા વાળો) હું જ હોઈશ.)

કર્મનો અર્થ છે. કાર્ય, ક્રિયા અને આચરણ.

મન-વચન-કર્મથી થયેલા કૃત્યો કર્મના ફળ કોઈને કોઈ જન્મમાં ભોગવવાં જ પડે છે. માટે જ કર્મથી નિર્લેપ રહેવા સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

સુવિચાર

- છોટે મન સે કોઈ બડા નહીં હો સકા, ટૂટે મન સે કોઈ ખડા નહીં હો સકા - **અટલ બિહારી વાજપેયી**
- બધા અહીં થોડું થોડું ટૂંટિયું વાળી સૂવે છે, બધાને થોડી થોડી ગોદડી ટૂંકી પડી છે - **ખલિલ ધનતેજવી**
- જે પ્રગટી શકે એ જ અજવાળું ફેલાવે, બાકી જે બળતા રહે એમની તો રાખ થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્યને જોવું છે કાયમ બે સ્થળે... એક ભીંતરમાં અને બીજુ શૂળીએ... - **દાન વાઘેલા**
- ઓછું ભણે તે કામ છોડે, વધુ ભણે તે ગામ છોડે, વિલાયત ભણે તે રામ છોડે, વિલાયત ભણે તે રામ છોડે, અને જેને સતપુરુષ સમજાય તે સંસાર છોડે - **એસ. ભટ્ટાચાર્ય**
- દિવાલ એક બાજુથી ચણી શકાય, પણ પુલ તો બે બાજુથી જ બાંધવો પડે, સંબંધોનું પણ કંઈક આવું જ... - **હીતેન આનંદપરા**
- આજનું ઔષધ : રાઈને દહીંમાં વાટી પેસ્ટ દરાજ ઉપર લગાડવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક નાનો છોકરો દરિયા કિનારે રેતીનું ઘર બનાવે છે. એક મોટું મોજું આવે છે અને રેતનું ઘર તૂટી જાય છે. એ બાળકે રોતા રોતા સમુદ્ર કિનારે રેતી પર લખ્યું, 'દરિયાએ મારું ઘર તોડ્યું. મને દરિયો બીલકુલ ગમતો નથી.' આ દરિયા કિનારે થોડે દૂર માછીમાર હોડી લઈ માછલી પકડવા જતા પહેલા તેમને સમુદ્રની પૂજા કરી, સમુદ્રનું પામી માથે ચડાવી. નમન કર્યા અને માછલી પકડવા ગયા. ઘણી બધી માછલી પકડીને તેઓ ખુશ થતા આવ્યા અને રેતી પર લખ્યું, 'સમુદ્ર દેવતા છે, એ અમારી જીવાદોરી છે... પાલનહાર છે...' એક યુવાન દુનિયાની તકલીફોથી હારી થાકીને સમુદ્રને કહે છે, 'મને તારામાં સમાવી લે. આ દુનિયા જીવવા જેવી નથી.' અને તે દરિયામાં આપઘાત કરી લે છે. તે યુવાનની માતા મૃત્યુનો દોષ સમુદ્રને આપે છે. અને રડતા રડતા રેતી પર લખે છે કે, 'હું આ સમુદ્રને નફરત કરું છું. તેણે મારા પુત્રને મોત આપ્યું. સમુદ્ર હત્યારો છે.' એક ગરીબ સમુદ્રને કાંઠે ફરતા ફરતા શંખ અને છીપ ભેગા કરે છે. એમના એક છીપમાંથી તેણે અણમોલ મોતી મળે છે. જે મોતીથી તેણે ઘણા પૈસા મળે છે. તે રેત પર લખે છે. 'સમુદ્ર દયાળુ અને દાનવીર દાતા છે.' સમુદ્રની એક મોટી લહેર આવે છે અને આ ચારેય લખાણ ને પળવારમાં ભૂંસી નાંખે છે. લોકોને સમુદ્ર માટે જે માનવું હોય તે માને જે લખવું હોય તે લખે પણ સમુદ્ર કોઈથી પ્રભાવિત થતો નથી. તે તો પોતાની મસ્તીમાં મસ્ત છે. પોતાની મસ્તી, પોતાની ભરતી-ઓટ પોતાની શાંતિ બધું જ પોતે જાતે જ નક્કી કરે છે. અને તે મુજબ જીવે છે. કોઈના શબ્દો કે માન્યતા પ્રમાણે નહિ. સમુદ્રની જેમ પોતાની મસ્તીમાં મસ્ત રહો. સારા ખરાબ સંજોગો રેતી પરના લખાણની જેમ પળ માત્ર રહેશે તે યાદ રાખો. જીવન લહેર અનુસાર આગળ વધતા રહો.

સંસ્કૃત પર ફક્ત હિંદુઓનો ઈજારો નથી

તંત્રીસ્થાનેથી...

પ્રથિતયશ સંસ્કૃત વિદ્વાન અને કવિ રાધાવલ્લભ ત્રિપાઠી જેવા સુયોગ્ય અને તટસ્થ ચયનકાર દ્વારા પસંદ કરાયેલ સંસ્કૃત ભાષાના પ્રધ્યાપકની બનારસ હિંદુ યુનિવર્સિટીમાં નિમણૂક કરાતાં કેટલાંક કટ્ટર હિંદુત્વવાદી તત્ત્વોની ચડવણીથી વિદ્યાર્થીઓનું એક જૂથ ધરણાં પર બેસી ગયું એનું એક માત્ર એ હતું કે પ્રાધ્યાપક મુસલમાન છે. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં 'હિંદુ' શબ્દ છે એમ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં 'મુસ્લિમ' શબ્દ છે. આ બેઉ અંગ્રેજ શાસન દરમિયાન અસ્તિત્વમાં આવેલી ઉત્તરપ્રદેશની ખ્યાતનામ વિદ્યાસંસ્થાઓ છે. આઝાદી પહેલાનાં હિંદુસ્તાનમાં હિંદુ-મુસલમાન વચ્ચેનો ભેદ ઊડીને આંખે વળગે એવો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદનમોહન માલવીય હિંદુ નેતા ગણાતા રહ્યા, ખુદ મહાત્મા ગાંધીને હિંદુઓના જ નેતા ગણી કોંગ્રેસને હિંદુઓના પક્ષ માની લેવાયો અને સામે મહમદ અલી ઝીણાનો મુસ્લિમ લીગ જેવો અલગ રાજકીય પક્ષ અસ્તિત્વમાં આવ્યો. આ વિભાજન રેખા વિસ્તરતી ગઈ, ખાઈ ઊંડી થતી ગઈ અને આખરે તે દેશના વિભાજનમાં પરિણમી. વિદ્યા સંસ્થાઓ પર પણ હિંદુ અને મુસ્લિમ જેવાં નામકરણ લાગ્યાં. સર સૈયદ અહમદખાને અલીગઢ મુસ્લિમ યુનિવરર્સિટી સ્થાપી અને ડૉ. ઝાકીર હુસેન કે જેઓ પાછળથી સ્વતંત્ર ભારતના રાષ્ટ્રપતિ પદે બિરાજ્યા હતા એમણે દિલ્હી ખાતે જ જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી સ્થાપી! હમણાં જે વિટંબણા સરજાઈ છે એનાં મૂળ આપણી સંકુચિત સાંપ્રદાયિક વિચારસરણીમાં ધરબાયેલાં છે. બનારસ હિંદુ યુનિવર્સિટીના સંસ્કૃત અને ધર્મશાસ્ત્ર વિભાગમાં પ્રધ્યાપક તરીકે નિમાયેલ મુસ્લિમ વિદ્વાને સંસ્કૃતમાં પીએચ.ડી. કરેલ છે. પહેરવેશ પણ જૂના જમાનાના શાસ્ત્રીઓ જેવો, માથે પાઘડી, અચકન વગેરે. પરંતુ ખાટલે મોટી ખોડ કે જન્મે તેઓ મુસલમાન છે. આવો સાંપ્રદાયિક ભેદભાવ રાખી થોડા મુસલમાનો પણ ભારતીય ધર્મશાસ્ત્રો અને સંસ્કૃત જેવી સમૃદ્ધ ભાષાના અધ્યયન - અધ્યાપનમાં રુચિ ધરાવે છે. તેમને ભારે આઘાત પહોંચે તે સ્વાભાવિક છે. સંસ્કૃત એ કોઈ એક ધર્મ કે સંપ્રદાયનો ઈજારો ન બની શકે. એ તો ભાષાઓની ભાષા છે. વિશ્વભાષા છે. અંગ્રેજી અને ઉર્દૂમાં ઘણા શબ્દો સીધા સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે. ભાષાની વાત હોય કે ધર્મશાસ્ત્રની - એના અધ્યયન કે અધ્યાપન પર કોઈ પાબંદી કે વાડાબંધી ના ચાલે. મેક્સ મૂલર જેવા ધર્મશાસ્ત્રી અને ગુઈથે જેવા મહાકવિએ સંસ્કૃતનો ઊંડો અભ્યાસ કરી એને આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરેલ છે. અનેક મુસ્લિમ વિદ્વાનોએ સંસ્કૃતમાં રચાયેલ ઉપનિષદો અને મહાકાવ્યોના ફારસીમાં અનુવાદો કરેલ છે, જેમાં મોગલ શાહજાદાઓ પણ સામેલ છે. દારા શિકોહ એનું ઝળહળતું ઉદાહરણ છે. એકવીસમી સદીમાં આવી સંકુચિતતા ધરાવતા વિદ્યાર્થીઓ ખરેખર અવિદ્યાના જ ઉપાસકો ગણાવા જોઈએ. સારું છે કે વહીવટીતંત્રે મુસ્લિમ પ્રાધ્યાપકની નિમણૂક માન્ય ઠેરવી છે, નહીંતર ભારતની અને બનારસ હિંદુ યુનિવર્સિટી જેવી શ્રેષ્ઠ વિદ્યાસંસ્થાની આબરૂના દુનિયાના ચોકમાં લીરા જ ઊડી ગયા હોત. જેમને સંસ્કૃત જેવી સમૃદ્ધ ભાષાના અભ્યાસમાં રસ હશે તે ક્યારેય ભણાવનારની જ્ઞાતિ કે ધર્મ સામે નહીં જુએ. એક પ્રગતિશીલ વિદ્યાર્થી સમુદાય મુસ્લિમ પ્રાધ્યાપકની તરફેણમાં ઊતરી આવ્યો છે તે આશાસ્પદ ઘટના છે. સંસ્કૃત અને સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવાં હશે તો સાંપ્રદાયિક કટ્ટરતા છોડી શુદ્ધ વિદ્યાપરક અભિગમ અપનાવવો જ પડશે.

દોસ્તી કિ હૈ, તો નિભાની તો પડેગી

ડાયલોગથી દેવભાષા

ડૉ. જય ઓઝા

દોસ્તી કિ હૈ, તો નિભાની તો પડેગી
- મૈને પ્યાર કિયા

સૂરજ બડજાત્યાની આ ફિલ્મ ૧૯૮૯ની સર્વોચ્ચ કમાણી કરનારી ફિલ્મ હતી. સલમાન ખાન અને ભાગ્યશ્રીને ચમકાવતી આ પ્રેમ-કહાણી આબાલવૃદ્ધને આકર્ષી ગઈ હતી. સંપૂર્ણ ફિલ્મમાં નવયુવા બંને કલાકારો અને રીમા લાગૂ અને આલોકનાથ સાથે સાથે ઉત્તમ મરાઠી કલાકાર લક્ષ્મીકાન્ત બેર્ડે એ પણ અવિસ્મરણીય અભિનય કર્યો હતો. આ ફિલ્મ દોસ્તી અને પ્રેમની અમર દાસ્તાન કહી જાય છે.

આ ફિલ્મ તમિલ અને તેલુગુમાં પણ ડબ થઈ હતી,અને સુપર હિટ પણ રહી હતી. પાછળથી આ જ ફિલ્મથી પ્રેરિત થઈને ૨૦૦૫માં પ્રભુદેવાએ *"Nuvvostanante Nenoddantana"* નામક તેલુગુ ફિલ્મ બનાવી હતી. જે ખૂબ સફળ પણ રહી હતી.

ફિલ્મમાં આ સંવાદ ભાગ્યશ્રી બોલે છે,અને સલમાન ખાનને કહે છે. વાત ખૂબ મુદ્દાની છે. મિત્રતા કરવી તો સરળ છે,પરંતુ તેને નિભાવવી જ ખૂબ કઠીન છે.

વાલ્મીકિ રામાયણમાં આ જ અમીટ સત્ય આજથી હજારો વર્ષો પહેલા લખાઈ ચૂક્યું છે.

સર્વથા સુકરં મિત્રં દુષ્કરં પરિપાલનમ ॥

મિત્ર બનાવવા તો ખૂબ સરળ છે, મિત્રતા નિભાવવી જ કઠીન છે.

રામાયણ એ ભારતીય સંસ્કૃતિ નો ઐતિહાસિક ગ્રંથ છે. વાલ્મિકી એ મૂળ સંસ્કૃતમાં આ ગ્રંથની રચના કરી હતી. તારા અને નક્ષત્રોના સ્થાન મુજબ ગણતરી કરતા રામાયણ નો કાળ આશરે ૫૦૪૧ ઈ.સ.પૂર્વે ગણાય છે. રામાયણ એટલે રામ + અયણ = રામની પ્રગતિ કે રામની મુસાફરી.

વાલ્મિકી રામાયણમાં ૨૪,૦૦૦ શ્લોકો છે. રામાયણ મૂળ ૬ કાંડોમાં વહેંચાયેલું છે.

તેમાથી આ શ્લોક-પંક્તિ ચોથા કાંડમાંથી લેવામાં આવી છે. જ્યારે રામ અને સુગ્રીવની મિત્રતા થાય છે,પરંતુ ત્યારબાદ સુગ્રીવ રાજ્ય સત્તાના ત્વરિત મોહમાં શ્રી રામને સીતાજીને શોધવાનું વચન આપ્યું હોય છે,તે ભૂલી જાય છે. તે સમયે આ શ્લોક બોલવામાં આવે છે.

રામાયણ અને મહાભારત આપણા દેશની અણમોલ ધરોહર છે. આ બંને ગ્રંથોમાંથી જ આખા જગતની બધી જ કથાઓએ ક્યાંક ને ક્યાંક પ્રેરણા લીધી છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

માતૃભાષાનું સ્નેહમિલન

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર તથા વ્યાકરણની સમજૂતિ માટે, 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતા કાર્યક્રમો અંતર્ગત, તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૯ શનિવારે સાંજે ૫.૦૦ થી ૭.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'અનેક સ્નેહમિલન' સાથે, ભાષાપ્રેમી બાળકો, નવયુવકો/યુવતીઓ તથા વડીલોની કૃતિઓ - ગીત, કાવ્ય, ગઝલ, મુક્તક, રસાસ્વાદ, ટૂંકી વાર્તાઓના સ્વમુખે પઠનનો એક અનોખો સાહિત્યિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે; જે અન્વયે સંયોજક સંજયભાઈ પંડ્યા (મો. ૯૮૨૫૭૦૯૭૭૮) તથા કિરણબહેન બાલાસરા (મો. ૯૯૨૪૨ ૧૩૦૩૬) નો સંપર્ક કરવા અને માતૃભાષાના આ કાર્યક્રમને માણવા ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ગાંધી - ગુજરાત યુનિવર્સિટી અને કવિ કાગ : કાગવાણીમાં ગાંધી

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

જે શહેરની ભૂમિ પર ગુજરાત વિદ્યાપીઠ ઉન્નત મસ્તકે ઊભી છે ત્યાંજ ગુજરાત યુનિવર્સિટી વિદ્યાનું આદાન પ્રદાન કરતા કરતા મહોરી ઉઠી છે. ગુજરાત યુનિવર્સિટીને પોતાનો ઉજળો ઈતિહાસ છે. કવિ ઉમાશંકર જોશી તથા ગણિતજ્ઞ ડૉ. પી. સી. વૈદ્ય જેવા વિશ્વવંદનીય લોકોએ ગુજરાત યુનિવર્સિટીના ઘડતરમાં અગ્રભાગ ભજવ્યો છે. આથી ગાંધીની સાર્ધ શતાબ્દીના મંગળ પ્રસંગે યુનિવર્સિટીનો ફીલોસોફી વિભાગ મહાત્મા ગાંધીના જીવનના સંદર્ભમાં નેશનલ સેમીનારનું સાચારું આયોજન કરે તે સમજી શકાય તેવી બાબત છે. અનેક વિષયોને આવરી લઈને ગાંધી વિચારનું ચિંતન કરવાનો આવો ઉપક્રમ કોઈપણ મહાવિદ્યાલયને છાજે તેવો છે. સપ્ટેમ્બર-૨૦૧૯ના છેલ્લા સપ્તાહમાં ગોઠવાયેલું આ આયોજન પ્રશંસાપાત્ર છે. અનેક વિષયો સાથે ગાંધી જીવનના સંદર્ભમાં કવિ કાગના કાવ્યોના વિષયની ચર્ચા પણ સેમીનારના એક ભાગ તરીકે કરવામાં આવી હતી.

મહાત્મા ગાંધીના સંદર્ભમાં કોઈ ચારણ કવિની વાત કરવામાં આવે તો કવિ દુલા ભાયા કાગનું નામ અગ્રસ્થાને આવે તે સ્વાભાવિક છે. કવિ કાગને વિશાળ જનસમૂહ 'ભગતબાપુ'ના સ્નેહાદર ભરેલા ઉપનામથી પણ ઓળખે છે. ચારણ કવિઓને કાવ્ય સર્જન સહજાત હતા. કવિ કાગ પણ આ ઉજળી પરંપરાના એક મજબૂત મણકા સમાન હતા. જોકે ભગતબાપુના પૂર્વજ કવિઓ તેમજ તેમના સમકાલિન કવિઓ મોટા ભાગે કોઈ ને કોઈ રાજવી સાથે જોડાયેલા રહેતા હતા. આથી આ કવિઓની વાણીમાં ક્ષાત્રધર્મની ઉત્તમ બાબતો બહાર આવી. જ્યાં નબળું જણાય ત્યાં આ કવિઓએ રાજવીઓને ચેતવ્યા પણ હતા. કવિરાજ કેસરીસિંહજી બારહઠ્ઠે ઉદેપુરના મહારાણા ફતેસિંહજીને લખેલા ચેતવણીના દુહાઓ તેના સાંપ્રત વિષયવસ્તુ તેમજ શબ્દોની બળકટતાને કારણે ખૂબજ લોકાદર પામ્યા હતા. આજે પણ સાંભળવા ગમે તેવા આ સોરઠાઓના માધ્યમથી કવિરાજે ક્ષાત્રધર્મનો માર્ગ પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આથી કવિ કાગ પણ કોઈ રાજ્ય દરબારે જઈને પોતાના સર્જનો થકી પદ-પ્રતિષ્ઠા મેળવી શક્યા હોત. પરંતુ ગાંધી યુગની તત્કાલિન અસર આ કવિએ ઝીલી છે. તેઓ રાજ્ય દરબારના બદલે લોક દરબારમાં જઈને પૂર્ણતઃ ખીલ્યા છે, મહોર્યા છે. આમ જનતાના પ્રતિનિધિ કવિ તરીકે તેઓ સ્વીકારાયા છે. કચ્છના સુવિખ્યાત અને સમર્થ સર્જક દુલેરાય કારાણીએ કવિ કાગ (ભગતબાપુ)ના સંદર્ભમાં લખેલી પંક્તિઓ યાદ આવે છે :

કાગના વેશમાં આજ આ દેશમાં
માન સરવર ચણો હંસ આયો,
મધુર ટહુકારથી, રાગ રણકારથી
ભલો તે સર્વને મન્ન ભાયો
લોકના થોકમાં લોક સાહીત્યની
મુક્ત કંઠે કરી મુક્ત લહાણી
શારદા માતનો મધુરો મોરલો
કાગ ટહુકી ગયો કાગવાણી.

કવિ દુલા ભાયા કાગની કવિતાઓમાં તેમના ગાંધી ગીતોનું પ્રદાન એ વ્યાપક રીતે સ્વીકૃત થયેલું છે. આ કાવ્યો લોકપ્રિય થયા છે. ઝવેરચંદ મેઘાણીના અવલોકન મુજબ ગાંધી જીવન લોકભોગ્ય શૈલિમાં કવિ કાગના કાવ્યોમાં ખૂબજ બારીકાઈથી ઝીલાયું છે. ૧૯૩૮ના હરિપુરા (ગુજરાત) કોંગ્રેસ સંમેલનમાં ભગતબાપુ નિમંત્રણથી હાજર રહેલા. કોંગ્રેસનું વિધિવત સેશન શરૂ થાય તે પહેલા પ્રારંભમાંજ કવિ કાગે બે દિવસ ગાંધી ગીતો લલકાર્યા અને વિશાળ શ્રોતાગણે તે માણ્યાં હતા. ગાંધીજીની ઉપસ્થિતિમાં કવિની વાણી ગંગોત્રીના પ્રવાહ જેમ ખળખળ વહી રહી અને વિશાળ જન મેદની કવિની નજરે ગાંધી દર્શન કરીને ધન્ય થયા. ભગતબાપુએ મહાત્મા ગાંધી માટે લખ્યું છે :

સો સો વાતુનો જાણનારો,
મોભી મારો ઝાઝી વાતુનો જાણનારો.
ડગલે ડગલે હાલ્યા કરે છે
ઊંચાણમાં નથી ઊભનારો
ઢાળ ભાળીને સૌ દોડવા માંડે
ઢાળમાં નહિ દોડનારો... ગાંધી મારો...
ઝીણી આંખડીએ ઝીણી ઝૂંપડીએ
ઝીણી નજરે જોનારો
પોતાના ચણેલામાં પોલ ભાળે તો
પાયામાંથી પાડનારો... ગાંધી મારો...

ગાંધીની ઝીણી દ્રષ્ટિ એ ગાંધી જીવનની એક મહત્વની કડી સમાન છે. મહામાનવ ગાંધી દાંડીકૂચ માટે માર્ચ-૧૯૩૦ માં નીકળે છે. અમદાવાદના વાતાવરણમાં જન ચેતનાનો સાગર હીલોળે ચડ્યો છે. મહાત્મા કૂચનું પ્રસ્થાન કરાવે તેની રાહ જોઈને માનવ મહેરામણ ઉત્સુકતાથી ઊભો છે. આવા વાતાવરણમાં સંવેદનશીલ બાપુ કૂચના સ્થળે જતાં પહેલાં આશ્રમમાં કોઈ સામાન્ય વ્યક્તિ બીમાર છે તેની ખબર પૂછવા જાય છે. કશી ઉતાવળ કે અધિરાઈ સિવાય બીમાર વ્યક્તિની સારવાર સબંધી વિગતવાર સૂચનાઓ આપે છે. મનની સ્વસ્થતાની આવી અસાધારણ સ્થિતિ જગતે જવલ્લેજ જોઈ છે. પોતાના કાર્યમાં પણ નબળાઈ જૂએ તો સાંપ કાંચળી ઉતારે તેવી ઉતાવળ અને અનાસક્તિથી તેનો ત્યાગ કરનાર મહાત્મા આવનારી અનેક પેઢીઓ માટે પથદર્શક છે. ગાંધી જીવન તથા વિચારની બારીકાઈઓ કવિએ ખૂબીપૂર્વક 'મોભીડો' કાવ્યમાં ઝીલી છે. દેશમાં ગાંધી પ્રેરીત સ્વાતંત્ર્ય માટેની જે લોક ચળવળ ચાલી હતી તેને કવિએ પોતાના વિવિધ કાવ્યપુષ્પોમાં વણી લીધી છે.

રાજકોટમાં સર પ્રભાશંકર પટ્ટણી સાથેના સંવાદ ઉપરથી ભગતબાપુએ એક સુંદર કાવ્યની રચના કરી છે. ગાંધીજીના સંઘર્ષનું તેમાં આબેહૂબ પ્રતિબિંબ પડે છે.

માતાજીની નોબતું વાગે
સૂતા સૌ માનવી જાગે
લીલુડાં માથડા માંગે.

ગાંધી વિચારના સ્વાતંત્ર્યનો તણખો કવિની વાણીમાં સતત ધગધગતો રહેલો છે. ગાંધીજીના મહાપ્રયાણ પછી પણ વિનોબાજી તથા રવિશંકર મહારાજના જીવનમાં ગાંધી વિચારનો જીવંત તણખો કવિને દેખાયો છે. આથી ભૂદાનના સુંદર ગીતોની કવિ કાગે ગૂંથણી કરી છે. ગાંધી વિચારને લોકવાણીમાં પ્રગટ કરવાની કવિની શક્તિને વેડછીના તપસ્વી જુગતરામ દવેએ ભાવપૂર્વક પ્રમાણી છે. મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દીના મંગળ પ્રસંગે ગાંધી જીવન પરના વિચાર વિમર્શનો ગુજરાત યુનિવર્સિટીના ફીલોસોફી વિભાગનો પ્રયાસ ખૂબજ પ્રશંસનીય તેમજ અભિનંદનીય છે.

ગાંધીનું સત્યપાલન સાથે સમયપાલન

ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

સત્યપાલનની જેમ સમયપાલનમાં પણ ગાંધીજી અવ્વલ હતા. એક તરફ બાપુ રાતના સમયે રોશની ઓછી કરવા માટે કાગળનો એક નાનકડો ટુકડો પણ સેવકોથી આઘોપાછો થઈ ગયો હોય તો પણ એ શોધાવે જ વાતને મૂકે એવો પ્રસંગ પણ છે તો એમને જે પત્રો આવે તેમાં જે ભાગ કોરો હોય એટલા ભાગમાં જવાબ લખીને વળતી ટપાલ લખે કે જયારે ટાંકણીની જરૂર પડે ત્યારે બાવળના કાંટાનો ઉપયોગ કરવો - આ બધા પ્રસંગો બાપુની કરકસરના માપદંડ જેવા ગણાવી શકાય. પરંતુ જયારે જરૂરનું જણાય તો મહાત્મા ગાંધી ખર્ચની ચિંતા કરતા

ટાંકણીનો હિસાબ કરનારા બાપુએ શ્રોતાઓને 'રાહ' જોવી પડે એટલે સ્પશિયલ ટ્રેનનો ઝડપી 'રાહ' લીધો

નહીં. એમના માટે ખર્ચ કરતા વધુ મહત્ત્વની બાબત સમયની રહેતી હતી. અને એમાં પણ જો કોઈ એમની રાહ જોવાનું હોય મળવાનો સમય આપ્યો હોય કે કોઈ કાર્યક્રમમાં હાજર થવાનું હોય ત્યારે તો ખાસ. ગાંધીજી એક એક પાઈનો હિસાબ કરતા હતા તેમ તેમ એક એક મિનિટનો પણ હિસાબ કરતા હતા. કોઈ સભા સ્થળે તેમનો રાહ જોવાતી હોય એ સ્થિતિમાં તેઓ એમ માનતા હતા કે જો વક્તા તરીકે એક મિનિટ મોડા પહોંચીએ તો જેટલા શ્રોતા હોય એટલી મિનિટ બગડી કહેવાય!



આવો એક પ્રસંગ જોવા જેવો છે. 'દેશબંધુ દાસ દાર્જિલિંગમાં બીમાર હતા. ગાંધીજી એમની ખબર કાઢવા ત્યાં ગયાં. પાછા વળતાં ઢાકા મેલ પકડીને નવાબગંજ ગામમાં એક કાર્યક્રમમાં હાજર થવાનું હતું. પણ રસ્તે પહાડનો થોડોક ભાગ રેલપાટા ઉપર તૂટી પડવાને કારણે ઢાકા મેલ ચૂકી જવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ. વખતસર ન પહોંચવું એ તો ગાંધીજીને પોસાય જ નહીં.

એક સાથીએ સ્પેશિયલ ટ્રેનની સૂચના કરી. તેમણે તે વધાવી લીધી : વાઈસરોયને આપેલો સમય હું જેટલી સખતાઈથી પાળું છું તેટલી જ સખતાઈથી આપણા લોકોને આપેલો સમય પાળવો જોઈએ.

સ્પેશિયલ ટ્રેનનું ભાડું રૂા. ૧,૧૪૦ ચૂકવ્યું, પણ નિશ્ચિત કાર્યક્રમમાં સમયસર દેશબંધુઓ વચ્ચે હાજર થયા ! કયાં એક કાગળના ટુકડા કે ટાંકણીની ગણતરી અને કયાં સ્પેશિયલ ટ્રેનનું ભાડું !'

સામાન્ય રીતે આજે પ્રસંગમાં મોડા આવવાનો આજે ચાલ થઈ પડ્યો છે - ત્યારે ગાંધીજીના પ્રસંગોમાંથી વક્તાઓ (અને શ્રોતાઓ) એ બોધપાઠ લેવા જેવો છે, સમય કિંમતી છે અને એનું ધ્યાન ના રાખે એ યોગ્ય ન કહેવાય, એમ ગાંધીએ શીખવ્યું છે.

આવી જ રીતે શિક્ષણ અને સ્વચ્છતા વિશે પણ સ્પષ્ટ હતા. ગાંધીજી બિહારમાં ચંપારણમાંહતા ત્યારે અનેક સ્વયંસેવકોને એમને આસપાસનાં ગામડાંઓમાં શાળાઓ ખોલવાનો કે ચલાવવાના કામે લગાડ્યા.

એક દિવસ ગાંધીજી કસ્તૂરબાને કહે : 'બાળકો માટે તમે પણ અહીંયા શાળા શરૂ કરો તો ?'

કસ્તૂરબા : 'શાળા ખોલીને હું શું કરું ? આ બાળકોને શું ગુજરાતીમાં ભણાવું? એમની ભાષા મને આવડતી નથી. હું એમની સાથે વાત પણ શી રીતે કરું ?'

ગાંધીજી : 'બાળકોની કેળવણીમાં પહેલો પાઠ સ્વચ્છતાનો છે. ખેડૂતોનાં બાળકોને ભેગાં કરો. એમનાં આંખ-દાંત તપાસો. એમને સ્નાન કરાવો. સફાઈની ટેવ પાડો. એ કાંઈ ઓછું શિક્ષણ નથી. અને એ આજથી જ શરૂ કરી શકો.'

અને બાની શાળા શરૂ થઈ.

ગાંધીજીના જીવનના નાના પ્રસંગો જે અનેક પ્રકારની સમજણનું ભાથું છે. એક ખીલીનો કે ડિલે ઘસવાનો પથરો જો ખોવાઈ જાય તો ગાંધીજી તેમના સાથીઓને એના 'શોધ કાર્ય'માં કાલે લગાડી દેતા હતા. પણ એ જ ગાંધીજી જો કોઈ જાહેર કાર્યક્રમમાં દેશબંધુઓને પોતાની રાહ જોવામાં સમય વેડફવો ન પડે એનું ધ્યાન રાખવાની પણ તત્પરતા રહેતી હતી અને એ જમાનામાં રૂા. ૧૧૪૦ જેટલો સ્પેશિયલ ટ્રેનનો ખર્ચ કરવામાં પણ પાછી પાની કરતા નહીં. એક એક પાઈનો હિસાબ માંડનાર વણિક આથી તો વૈશ્વિક બન્યો છે. ગાંધી પાસેથી સત્યપાલનની સાથે સમયપાલન શીખવું એ પણ મહત્ત્વનું છે.